આવ્યા તારીખ ૧૮/૦૧/૨૦૨૫

દાખલ તારીખ ૧૮/૦૧/૨૦૨૫

ફેસલ તારીખ ૧૧/૦૩/૨૦૨૫

સમયગાળો દી. માસ. વર્ષ

**અમદાવાદના મહેરબાન બીજા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલત સમક્ષ, અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ.**

**ક્રિ.પ.અ.નં. ૬૯૮/૨૦૨૫**

**આંક–૨૦.**

**અરજદારઃ–** પટેલ રેણુકાબેન નરેન્દ્રભાઇ, ઉવ.પુખ્ત.

રહેઃ ૩૪૧ નાની ખડકી, રામજી મંદીર પાસે, નવાપુરા, અમદાવાદ–૩૮૨૨૧૦.

**વિરુદ્ધ**

**સામાવાળાઃ–**

૧ પ્રિન્સીપાલ સાહેબ શ્રી, મુકતજીવન ઉચ્ચતર માધ્યમિક શાળા (ધોરણ–૧૨) સમ્રાટનગર સામે, ઈસનપુર, અમદાવાદ–૩૮૦૦૪૩.

૨ પ્રિન્સીપાલ સાહેબ શ્રી, ગણેશ વિદ્યામંદીર (ધોરણ–૧૧) વાસણા, અમદાવાદ.

૩ પ્રિન્સીપાલ સાહેબ શ્રી, દુર્ગા વિદ્યાલય (હાઇસ્કુલ) એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ (ધોરણ ૨ થી ૧૦) મણીનગર, અમદાવાદ–૩૮૦૦૦૮.

૪ જીલ્લા શિક્ષણ અધિકારી શ્રી,જીલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.

૫ ગુજરાત માધ્યમિક એન્ડ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (ધોરણ ૧૦ અને ૧૨)એકઝામિનેશન વિંગ,ગાંધીનગર.

**વિષયઃ– ધી ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજયુ. રેગ્યુલેશન ૧૯૭૪ના એક્ટ કલમ ૧૨ (ક) ૬ મુજબ સુધારા અંગે કોર્ટ હુકમ મેળવવા બાબત.**

અરજદાર તર્ફે:વિ.વ.શ્રી એ.એસ.મનસુરી.
સામાવાળા તર્ફે:વિ.વ.શ્રી કોઇ નથી.

**–:ચુકાદો:–**

૧) અરજદારે હાલની અરજી ધી ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજયુ. રેગ્યુલેશન ૧૯૭૪ના એક્ટ કલમ ૧૨ (ક)(૬) મુજબ સુધારો કરવા હુકમ મેળવવા કરેલ છે.

૨) અરજીમાં અરજદારે એવી હકીકત જણાવેલી છે કે, તેઓના પુત્ર પટેલ વ્રજ નરેન્દ્રભાઇ નો જન્મ તા.૨૬/૦૪/૨૦૦૧ ના રોજ અડાલજ મુકામે થયો હતો અને તેમનાં આ કામના સામાવાળા શાળા મા અભ્યાસ કરેલ છે. અરજદારને સામાવાળા તરફથી શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, માર્કશીટ આપવામાં આવેલ છે. જે દસ્તાવેજોની ખરી નકલ આ સાથે રજુ કરવામાં આવેલ છે, તે તમામ દસ્તાવેજો માં બાળકનું પિતા સાથેનું પુરુ નામ: પટેલ વ્રજ પ્રવિણભાઇ ની વિગત ખોટી લખાયેલ છે. પરંતુ, સાચી વિગત પિતા સાથેનું પુરુ નામ: પટેલ વ્રજ નરેન્દ્રભાઈ છે, જે વિગત દર્શાવતા પ્રમાણપત્રની નકલ અરજી સાથે રજુ કરેલ છે. જે મુજબ સુધારો કરવાં, તેઓ આ કામનાં સામાવાળાઓને કચેરીમાં જઇને પોતાની વિગત સુધારા માટે રજૂઆત કરતાં તેઓ અને સામાવાળા તરફથી જણાવવામાં આવેલ કે અભ્યાસ પુર્ણ થયા બાદ શાળા છોડી દીધા પછી શાળાના સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટમાં કોઈપણ પ્રકારનો સુધારો કરવા માટેની સતા ફક્ત નામદાર કોર્ટ ઓર્ડરથી જ થઈ શકે છે. જેથી હાલની અરજી કરેલ છે.

આ કામનાં તમામ સામાવાળાઓની શાળા નામદાર કોર્ટની સ્થાનિક હકુમતમાં આવેલ હોય, અરજી સાંભળવાની, ચલાવવાની અને નિકાલ કરવાનો હક અને અધિકાર આ કોર્ટ ને છે અને તેમનાં સામાવાળા શાળાનાં રેકર્ડમાં તથા શાળા છોડ્યાનાં પ્રમાણપત્રમાં ભુલ સુધારણાની જોગવાઇ મુજબ ગુજરાત સેકન્ડરી અને હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ, ગુજરાત યુનિવર્સીટી રુલ્સ એન્ડ રેગ્યુલેશન મુજબ હાલની આ અરજી કરેલ છે.

૩. આ કામે ઉપરોક્ત ફેરફાર કરવાની અરજીનાં સમર્થનમાં અરજદાર તરફે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલાં છે.

**અરજદાર તરફે રજુ થયેલ પુરાવાઓ**

**-:મૌખિક પુરાવો:-**

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારની સરતપાસની એફીડેવીટ | ૭ |
| ૨ | સાહેદપટેલ પ્રવિણભાઇ છોટાભાઇ ની સરતપાસ ની એફીડેવીટ | ૮ |
| ૩ | સાહેદ કિશ્રાબેન પાર્થકુમાર પટેલ ની સરતપાસ ની એફીડેવીટ | ૯ |
| ૪ | સાહેદ પિનલ મોલીક પટેલ ની સરતપાસ ની એફીડેવીટ | ૧૦ |

**-:દસ્તાવેજી પુરાવોઃ-**

| અ.નં | નામ | આંક |
|---|---|---|
| ૧. | અરજદારના જન્મ ના પ્રમાણપત્રની ખરી નકલ | ૪ |
| ૨. | શાળા દ્બારા આપવામાં આવેલ શાળા છોડ્યાનાં પ્રમાણપત્રની ખરી નકલ | ૬ |
| ૩. | ધોરણ ૧૦-૧૨ ની માર્કશીટની નકલ | ૬એ,૬બી |
| ૪. | પુત્રદત્તક લેવાનો લેખ. | ૫ |
| ૫. | તા.૦૧/૦૩/૨૫ ના રોજ દૈનિક વર્તમાનપત્ર નિર્મળ ગુજરાતમાં પ્રસિદ્ધ થયેલ જાહેર નોટીસ | ૧૮ |
| ૬. | સામા વાળા શાળા ના જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ | ૧૩ |
| ૭. | સામાવાળા નં. ૪ નો જવાબ. | ૧૫ |
| ૮. | સામાવાળા નં. ૫ નો જવાબ. | ૧૬ |

૪) ત્યારબાદ અરજદાર તરફે અન્ય કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરવો નથી તેવું જાહેર કરેલ છે.

૫) હાલની અરજી ઇન્કવાયરી સ્વરૂપની હોય જેથી અરજદાર તરફે જે સરતપાસના સોગંદનામા આપેલ છે, તે પણ સી.આર.પી.સી. ની કલમ ર૯૬ હેઠળ ગણનામાં લેવામાં આવેલ છે.

૬) અરજદાર તરફે આંક–૧૮ થી જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેલ છે. પરંતુ કોઇ વાંધા આવેલ નથી. સદર કામમાં સામાવાળા શાળા દ્વારા આપવામાં આવેલ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં, તથા સ્કુલ રેકર્ડ, જી. આર. અને માર્કશીટમા પિતા સાથેનું પુરુ નામ: પટેલ વ્રજ પ્રવિણભાઇ લખવામાં આવેલ છે અને જે ખોટું હોવાનું અરજદારનું કથન છે. અરજદારનાં કથન મુજબ તેમનાં રજુ દસ્તાવેજ આંક–૪ અને સોગંદનામા મુજબ પિતા સાથેનું પુરુ નામ: પટેલ વ્રજ નરેન્દ્રભાઇ છે જે સાચી વિગત છે.

અરજદારની અરજી ના સમર્થનમાં આ કામે અરજદારે પોતે તથા અરજદારના સાહેદોએ સરતપાસ એફિડેવિટથી જાહેર કરેલ છે કે, આ કામના સામાવાળાઓના રેકર્ડમાં લખાયેલ પિતા સાથેનું પુરુ નામ: પટેલ વ્રજ પ્રવિણભાઇ લખવામાં આવેલ છે એ અરજદારની ખોટી વિગત છે જ્યારે પિતા સાથેનું પુરુ નામ: પટેલ વ્રજ નરેન્દ્રભાઇ છે જે સાચી વિગત છે. એ સાચી અને ખરી વિગત છે.

૭) વધુમાં, ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન્સ,૧૯૭૪ની કલમ ૧ર(ક) અને કલમ ૧ર(ક)(૬) મુજબ વિદ્યાર્થીના શાળા છોડ્યા પછી શાળાના રેકર્ડમાં રહેલ નોંધોમાં કોઈપણ પ્રકારનો સુધારો કરવાની સત્તા શાળાને રહેતી નથી પરંતુ, સદર ફેરફાર પ્રથમ વર્ગનાં મેજિસ્ટ્રેટના હુકમથી થઈ શકે છે.

વધુમાં નામદાર ગુજરાત વડી અદાલતે ઠાકોર નિલેશ શીશરભાઇ વિ. ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ(ર૦૦૭) જી. એલ. આર. રર૭૬ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત મુજબ વિદ્યાર્થી જ્યારે પરીક્ષા પાસ કરી દે અને શાળા છોડી દે ત્યારબાદ વિદ્યાર્થીનાં શાળાનાં રેકર્ડ, એલ. સી. કે એસ.એસ.સી., એચ.એસ.સી ની માર્કશીટ અને પ્રમાણપત્રમાં સુધારો કરવાની સત્તા શાળાની રહેતી નથી પરંતુ આવો સુધારો પ્રથમ વર્ગના જુડીશીયલ મેજિસ્ટ્રેટના હુકમનાં આધારે થઈ શકે તેવી જોગવાઇ છે. વધુમાં, સી.આર.પી.સી.ની જોગવાઈ જોતાં જે જગ્યાએ પ્રથમ વર્ગના જુડીશીયલ

મેજિસ્ટ્રેટનો હુકમ હોય તે મેટ્રોપોલિટન એરિયામાં આ સત્તા મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટને આપવામાં આવેલ છે અને તેથી તે રીતે જોતાં અરજદારની અરજીમાં માગ્યા મુજબનો સુધારો  કરવાનો હુકમ કરવાની સતા અત્રેની કોર્ટની હકુમતમાં છે. આમ, હાલનાં કેસમાં રજુ સમગ્ર પુરાવો જોતાં તેમજ અરજદાર તરફે રજુ કરેલ અરજદાર તથા તેમનાં રજુ પ્રમાણપત્ર વંચાણે લેતાં જણાઇ આવે છે કે, અરજદારના પુત્રના નામમા પિતા સાથેનું પુરુ નામ: પટેલ વ્રજ નરેન્દ્રભાઈ સાચી અને ખરી વિગત હોઈ, આ કામે એ રીતનો સુધારો કરવો યોગ્યની અને વ્યાજબી હોઈ ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**:: હુકમ ::**

અરજદારની હાલની અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

આ કામના સામાવાળાઓને એવો આદેશ કરવામાં આવે છે કે આ કામના અરજદારના પુત્રને આ કામના સામાવાળા તરફથી આપવામાં આવેલ શાળા છોડયાના પ્રમાણપત્ર, શાળાનુ રેકર્ડ, તેમજ માર્કશીટ મુજબ નામમા પિતા સાથેનું પુરુ નામ "પટેલ વ્રજ પ્રવિણભાઈ" દર્શાવવામાં આવેલ છે જેના બદલે પિતા સાથેનું પુરુ નામ "પટેલ વ્રજ નરેન્દ્રભાઈ" મુજબનો સુધારો કરી નિયમ મુજબ થતી ફી વસુલ લઈ, સુધારાવાળા સુધારેલ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, માર્કશીટ અને જરૂરી શૈક્ષણિક પ્રમાણપત્ર અરજદારને આપવાં.

આ હુકમની યાદી આ કામના સામાવાળાઓને કરવી.

આજરોજ  ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા. ૧૧/૦૩/૨૦૨૫
સ્થળ:- અમદાવાદ.

(ડી. એચ. ખંભાતી)
બીજા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર
જી જે ००૮૬૬

આર.ડી. - પી. એ.